RP Web Solutions
RP WEB SOLUTIONS
Website For Everyone...
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

Tax Today (Monthly)

Website
flamingoclubresort.com
Contact
+91 98244 21700
+91 95589 87734
+91 99241 21700
Flamingo
Club & Resort
Starting Soon
Diu Road, Una.

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષઃ ૫, ◆ અંકઃ ૧૦, ◆ સળંગ અંકઃ ૫૮, ◆ તા.૨૧/૦૮/૨૦૨૧, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂ.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- (કુરીયર સાથે રૂ.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.
e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

# સાસણ ખાતે ટેક્ષ ટુડે દ્વારા 'ગ્રૂપ ડિશકશન'નું આયોજન

## અમદાવાદના CA મોનીષ શાહ, પોરબંદરના CA દિવ્યેશ સોઢાએ આપી ગાઈડ તરીકે સેવાઃ સિનિયર ટેક્સ કન્સલ્ટન્ટ સમીરભાઈ જાની રહ્યા ખાસ ઉપસ્થિત








તા. ૧૯.૦૮.૨૦૨૧: ટેક્સ ટુડે દ્વારા સમયાંતરે ગ્રૂપ ડિશકશનના સ્વરુપના સેમિનારનું આયોજન કરવામાં આવતું હોય છે. આ સેમિનારમાં CA, એડવોકેટ, ટેક્સ કન્સલ્ટન્ટ સાથે મળી જી.એસ.ટી. અને ઈન્કમ ટેક્સ જેવા કાયદાઓ ઉપર ચર્ચા વિચારણા દ્વારા અભ્યાસ કરતાં હોય છે. આ પ્રકારના ગ્રૂપ ડીશકશનનું આયોજન માલણકા (ગીર) ખાતેની વિશાલ ગ્રીન વૂડ્સ લોડ્સ રિસોર્ટ ખાતે ૦૭ તથા ૦૮ ઓગસ્ટના રોજ કરવામાં આવ્યું હતું. આ ગ્રૂપ ડિશકશનમાં ૨૮ ટેક્સ પ્રોફેશનલ્સ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. આ ગ્રૂપ ડીશકશનના ગાઈડ તરીકેની સેવા 'ટેક્સ ટુડે' એક્સપર્ટ CA મોનીષ શાહ તથા CA દિવ્યેશ સોઢા દ્વારા આપવામાં આવી હતી. જી.એસ.ટી. કાયદા તથા નિયમો હેઠળની ઓડિટ, સ્પેશિયલ ઓડિટ, શો કોઝ નોટિસ, ઈ વે બિલ સહિતના વિષયો ઉપર આ ગ્રૂપ ડીશકશનમાં અભ્યાસ કરી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જુનાગઢના જાણીતા ટેક્સ કન્સલ્ટન્ટ અને ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટના ભુતપૂર્વ પ્રમુખ સમીરભાઈ જાની આ સેમિનારમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ડેલીગેટ્સને પોતાના ટેક્સ પ્રોફેશન અંગેના અનુભવ વિષે વાત કરી હતી. તેઓ દ્વારા ખાસ જણાવવામાં આવ્યું હતું કે ટેક્સ પ્રોફેશનનું ભવિષ્ય ખૂબ ઉજળું છે અને કોઈ પણ પ્રોફેશનલ મહેનત કરે તો આ ક્ષેત્રે ખૂબ સારી પ્રગતિ કરી શકે છે. આ પ્રસંગે સમીરભાઈ જાનીના ટેક્સ પ્રોફેશન માટેની વિશિષ્ટ પ્રદાન બદલ તેમને સન્માનીત કરવામાં આવ્યા હતા. આ ઉપરાત તેઓના પત્ની અને જાણીતા સમાજસેવિકા કેતકીબેન સમીરભાઈ જાનીને પણ તેઓની સમાજ સેવા બદલ સન્માનીત કરવામાં આવ્યા હતા. આ ગ્રૂપ ડીશકશનમાં અમદાવાદ, વડોદરા, પોરબંદર, જુનાગઢ, અમરેલી, રાજકોટ, જેતપુર, વેરાવળ, ઉનાના ટેક્સ પ્રોફેશનલ્સએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા જુનાગઢના એડવોકેટ પ્રતિક મિશ્રાણી તથા એડવોકેટ દર્શન તન્ના તથા 'ટેક્સ ટુડે'ના ટેકનિકલ હેડ રોનક પલાણ દ્વારા ખાસ જહેમત ઉઠાવવામાં આવી હતી.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

# ટેક્સ એડવોકેટ એસોસિએશન ગુજરાત દ્વારા અમદાવાદ ખાતે ટેક્સેશન અંગે યોજાયો સેમિનાર

## એસોસિએશનના પૂર્વ પ્રમુખોને કરવામાં આવ્યા સન્માનિત ગુજરાત હાઈકોર્ટના જજ શ્રી વિનીત કોઠારી રહ્યા ખાસ હાજર




તા.૧૬.૦૮.૨૦૨૧: ગુજરાતના ટેક્સ એડવોકેટના એકમાત્ર એસોસિએશન ટેક્સ એડવોકેટ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા અમદાવાદ ખાતે ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ ફેર આકારણીના વિષય ઉપર એક ખાસ સેમિનારનું આયોજન ડબલ ટ્રી હિલ્ટન હોટલ ખાતે કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે મુંબઈના જાણીતા એડવોકેટ દેવેન્દ્ર એચ. જૈન દ્વારા સેવા આપવામાં આવી હતી. ફેર આકારનીના નિયમોમાં આવેલ સુધારાઓ અંગે ડેલીગેટ્સને માહિતી આપવામાં આવી હતી. આ સેમિનારમાં સંસ્થાના તમામ પૂર્વ પ્રમુખો તથા વરિષ્ઠ સભ્યો ખાસ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સેમિનારનો લાભ ૧૨૦ જેટલા સભ્યો દ્વારા લેવામાં આવ્યો હતો. સેમિનારનો સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ પ્રતીક પટેલ, કોન્ફરન્સ ચેરમેન વારીશ ઈશાની તથા તેમની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

# જી.એસ.ટી.નું નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧નું વાર્ષિક રિટર્ન સપ્ટેમ્બર સુધીમાં જ ભરવું છે જરૂરી... શા કારણે વાંચો આ ખાસ લેખ??

## GSRT 3B વર્ષ દરમિયાન થયેલી ભુલ હવે પછીના 3Bમાં સુધારી ત્યારબાદ જ વાર્ષિક રિટર્ન ભરવું છે જરૂરી

તાઃ ૧૭.૦૯.૨૦૨૧: જી.એસ.ટી. કાયદા હેઠળ જી.એસ.ટી.આર. ૯ (વાર્ષિક રિટર્ન) ભરવાની મુદત જે તે વર્ષ પછીના ડિસેમ્બર સુધી હોય છે. સામાન્ય રીતે આ રિટર્નની વિગતો એકાઉન્ટન્ટ ડિસેમ્બર માંજ મોકલતા હોય છે અને ઈન્કમ ટેક્સ ઓડિટ પૂર્ણ થયા બાદ GSTR 9 ભરવામાં આવતું હોય છે. આ બાબત પર ટેક્સ પ્રોફેશનલ્સનો બહુ મોટો વર્ગ એવું માને છે કે જ્યારે પોર્ટલ ઉપર નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના GSTR 9 ભરવાની શરૂઆત જલ્દી કરી આપવામાં આવી હોય આ રિટર્ન સપ્ટેમ્બર પહેલા ભરી આપવામાં આવે તે હિતાવહ છે. આ રિટર્ન વહેલું ભરવા પાછળનું કારણ એ છે કે ઘણીવાર એવું પણ બનતું હોય છે કે કોઈ સામાન્ય ટેકનિકલ ક્ષતિના કારણે નાણાકીય વર્ષ દરમ્યાન ભરવામાં આવનાર GSTR 3Bમાં વેચાણ, આઉટપુટ, ઈન્પુટ વગેરેની વિગતો આપવામાં ભૂલ થઈ ગઈ હોય છે. ક્યારેક આ નાની ગણાતી ટેકનિકલ ક્ષતિ ખૂબ મોટી મુશ્કેલી ઊભી કરી શકે છે. ઉદાહરણ તરીકે કોઈ કરદાતા ના જૂન ૨૦૨૦ ના GSTR 3Bમાં ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ૧૦૦૦૦૦/- (એક લાખ પૂરા) લેવાની છે. પરંતુ કોઈ ટેકનિકલ ક્ષતિના કારણે આ ક્રેડિટ




૧૦૦૦૦/- (દસ હજાર) જ લેવામાં આવી છે. હવે આ પ્રકારની ક્ષતિઓ સુધારવા જી.એસ.ટી. કાયદાની કલમ ૩૯ ને સર્ક્યુલર ૨૬/૨૦૧૭ સાથે વાંચતાં આ રહી ગયેલ ક્રેડિટ જે તે વર્ષ પછીના સપ્ટેમ્બર સુધીમાં અથવા તો વાર્ષિક રિટર્ન જે પહેલા ભરાઈ ત્યાં સુધીમાં લેવાની રહે છે. જો હાલ GSTR 9 સપ્ટેમ્બર સુધીમાં ભરવામાં આવે તો આ પ્રકારની ભૂલો અંગે માહિતી મેળવવી શક્ય બને અને નિયત સમય સુધીમાં આ ભૂલને ત્યાર પછીના એટ્લે કે ઓગસ્ટ કે સપ્ટેમ્બરના GSTR 3B યોગ્ય સુધારા કરી શકાય છે. વધુ કાળજી લઈ શક્ય હોય ત્યાં સુધી ઈન્કમ ટેક્સ હેઠળ કરવાનું થતું ઓડિટ પણ જો ઓગસ્ટ કે મોડમાં મોડુ સપ્ટેમ્બર સુધીમાં કરવામાં આવે તો જી.એસ.ટી. હેઠળ કરવાના થતાં સુધારા સપ્ટેમ્બરના રિટર્નમાં દર્શાવવા શક્ય બને છે. ઘણી વાર ટેક્સ પ્રોફેશનલ્સ એવું પણ માનતા હોય છે કે ઈન્કમ ટેક્સની સાઈટ સરખી ચાલે તો ઓડિટ કરવું શક્ય બને ને!! પરંતુ અહિયાં જરૂરી છે માત્ર જરૂરી વિગતો મેળવી ડ્રાફ્ટ ઓડિટ રિપોર્ટ તૈયાર કરવાની. આ રિપોર્ટ ભલે ફાઇલ જ્યારે સાઇટ ચાલે ત્યારે કરવામાં આવે.

આમ, જી.એસ.ટી.આર. ૯ ભરવામાં ડિસેમ્બર સુધીની રાહ જોવા બદલે શક્ય એટલું જલ્દી ઈન્કમ ટેક્સ ઓડિટ કરાવી સપ્ટેમ્બરના જી.એસ.ટી.આર. 3Bમાં કોઈ ભૂલો હોય તેની અસર આપી દેવી મહત્વની રહે છે.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

# ૧ ઓગસ્ટથી જી.એસ.ટી. હેઠળ CA કે CMA પાસે કરાવવાનું થતું ઓડિટ જરૂરી રહેશે નહીં

## ફાઈનન્સ એક્ટની કલમ ૧૧૦ હેઠળ જી.એસ.ટી. ઓડિટ અંગેની કલમ ૩૫(૫) હટાવવાની જોગવાઈ નોટિફિકેશન ૨૯/૨૦૨૧ દ્વારા કરવામાં આવી લાગુ

તા. ૩૧.૦૭.૨૦૨૧: જી.એસ.ટી. કાયદાની કલમ ૩૫(૫) હેઠળ પાંચ કરોડથી વધુ ટર્નઓવર હોય તેવા કરદાતાએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે ઓડિટ કરાવવાનું થતું હતું. આ ઓડિટ અંગેની કલમ ફાઈનન્સ એક્ટ ૨૦૨૧ દ્વારા રદ્દ કરવામાં આવી હતી. આ કલમને અમલી બનાવતુ નોટિફિકેશન ૩૦ જુલાઇ ૨૦૨૧ ના રોજ બહાર પાડવામાં આવ્યું છે. જી.એસ.ટી. કાયદાની કલમ, ૩૫(૫), ૩૧ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજથી રદ્દ કરવા અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આમ, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ૦૧ ઓગસ્ટ ૨૦૨૧ થી જી.એસ.ટી. ઓડિટ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવાથો કોસ્ટ એકાઉન્ટન્ટ પાસે કરાવવું જરૂરી રહેશે નહીં. ઉલ્લેખનીય છે કે ઘણા રાજ્યો માં વેટ કાયદા દરમ્યાન ઓડિટ કરવાની સત્તા CA ઉપરાંત એડવોકેટ અને ટેક્સ પ્રેકટિશનરને પણ આપવામાં આવી હતી. જી.એસ.ટી. કાયદા હેઠળ આ સત્તા એડવોકેટ તથા ટેક્સ કન્સલ્ટન્ટને આપવામાં આવી ના હતી. આ બાબતે નેશનલ એક્શન કમિટી ઓફ જી.એસ.ટી. પ્રોફેશનલ્સ દ્વારા રાષ્ટ્રીય લેવલે રજૂઆતો કરવામાં આવી હતી. જી.એસ.ટી. અમલ થયો છે ત્યારથી આ અંગે ખેંચતાણ ચાલુ રહી હતી. હવે આ ઓડિટ અંગેની કલમને જ રદ્દ કરી આપવામાં આવતા કરદાતાઓને રાહત થઈ છે. 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ' તરફ ઉઠાવવામાં આવેલ આ મહત્વનુ પગલું માનવામાં આવી રહ્યું છે. આ સામે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો એક વર્ગ એવું પણ માની રહ્યો છે કે આ ઓડિટ દૂર થતાં કરદાતાને સરકાર દ્વારા થતી આકારણીમાં મુશ્કેલી ઊભી થઈ શકે છે અને સરકારને પણ રેવન્યુ અંગે નુકસાન પણ જઇ શકે છે.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

# ૨૦૨૦-૨૧ ના વાર્ષિક રિટર્ન જી.એસ.ટી. રિટર્ન પોર્ટલ ઉપર ભરવાના થયા છે શરૂ

## નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષના GSTR 9 ભરવાના પોર્ટલ ઉપર સમયસર કરવામાં આવ્યા શરૂ

તા. ૦૩.૦૮.૨૦૨૧: જી.એસ.ટી. હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના કંપોઝીશન સિવાયના વાર્ષિક રિટર્ન ભરવાની સગવડ જ.એસ.ટી. પોર્ટલ ઉપર શરૂ કરી દેવામાં આવી છે.

આ રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર છે. જી.એસ.ટી. લાગુ થયો છે ત્યારથી વાર્ષિક રિટર્નના ફોર્મ ખૂબ મોડા અપલોડ થતાં આવ્યા છે. આ વર્ષે ખૂબ સમયસર આ ફોર્મ્સ અપલોડ કરવાની સગવડ શરૂ કરી આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે કંપોઝીશન કરદાતા માટે જી.એસ.ટી હેઠળ વાર્ષિક રિટર્ન GSTR 4માં ભરવાનું રહે છે જેની છેલ્લી તારીખ ૩૧ જુલાઇ ૨૦૨૧ હતી.

સમયસર આ વાર્ષિક રિટર્નની સગવડ શરૂ કરવામાં આવતા ટેક્સ પ્રોફેશનલસ માટે સરળતા રહેશે તે બાબત ચોક્કસ છે.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

# મારવાડી યુનિવર્સિટી દ્વારા લો ફેકલ્ટી માટેના અદ્યતન Moot Courtનું કરવામાં આવ્યું ઉદઘાટન

## જસ્ટિસ એમ. આર. શાહ (સુપ્રિમ કોર્ટ) અને ન્યાયમૂર્તિ આઈ.જે.વોરા (ગુજરાત હાઈકોર્ટ) રહ્યા ખાસ ઉપસ્થિત



આજ રોજ તારીખ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ રાજકોટની મારવાડી યુનિવર્સિટીની કાયદા શાખા દ્વારા મુટકોટ હોલનુ ઉદઘાટન રાખવામા આવેલુ હતુ.

આ મુટકોટ હોલના ઉદઘાટન માટે મુખ્ય અતિથિ તરીકે ભારતની સુપ્રિમ કોટેના ન્યાયમૂર્તિ એમ.આર.શાહ અને ગુજરાત હાઈકોટેના ન્યાયમૂર્તિ આઈ.જે.વોરા એ હાજરી આપી હતી.


આ કાયેક્રમની અંદર ન્યાયમૂર્તિ એમ.આર.શાહ એ નીચે મુજબ ના અગત્યના સંબોધન કરેલા જેને જાણવા અને માણવા એક લહાવો કહી શકાય.

- સૌ પ્રથમ તો ન્યાયમૂર્તિ એમ.આર.શાહ એ મારવાડી યુનિવર્સિટી અંગે વાત કરતા જણાવ્યુ કે ખુબ જ ટુકા સમયગાળાની અંદર મારવાડી યુનિવર્સિટી એ ભવ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભુ કરીને અને સાથે-સાથે ઉચ્ચા સ્તરનુ શિક્ષણ આપતી સંસ્થા બનીને ખુબ જ વખાણવા લાયક કાર્ય કરેલુ છે.
- ન્યાયમૂર્તિ એમ. આર. શાહએ કાયદાની જાણકારીની મહત્વતા અંગે વાત કરી હતી. ન્યાયમૂર્તિ એ આ અંગે વધુમા કહ્યું કે જયારે કોઈ પણ અરજદારો કોટે પાસે જાય છે ત્યારે કોર્ટ હંમેશા એવુ માને છે કે તેઓ ને લાગુ પડતા કાયદા અંગે જાણકારી છે/હતી કારણ કે Ignorance of Law is not excuse.
- આ ઉપરાંત કાયદાની મહત્વતા અંગે વધુમા વાત કરતા જણાવ્યુ કે જો કાયદો ખબર હશે તો કાયદા હેઠળ મળતા હકકોની માંગ સાથે વ્યકિત કોર્ટમા જઈ શકશે અને તેનો લાભ લઈ શકશે. (જયા હકકો મળવામા કોઈ અન્યાય થયો હોય ત્યાં.)
- ન્યાયમૂર્તિ એમ.આર.શાહ એ નાગરિકને મળતા મુળભુત અધિકારો અને ફરજો અંગે વાત કરી હતી. તેઓએ આ અંગે વધુ વાત કરતા જણાવ્યુ કે મોટાભાગના લોકો પોતાના બંધારણીય અધિકારો અંગે વાત કરતા હોય છે, પરંતુ સાથે-સાથે એ પણ જોવુ જરૂરી છે કે કોઈ એક નાગરિકને મળતા અધિકારો એ બીજા નાગરિક ને મળતા અધિકારો પર અવરોધના હોય અને જો એવુ હોય તો કાયદો એ અંગે તમને પરવાનગીના આપી શકે.
- ન્યાયમૂર્તિ એમ.આર.શાહ એ મીડિયા ને યાદ કરતા કહ્યું કે આજના સમયમા મીડિયા દેશ અને વિશ્વમા ખુબ શકિતશાળી છે એટલે એમને પણ યાદ કરવા જરૂરી છે.
- ન્યાયમૂર્તિ એમ.આર.શાહે એ પોતે જે બેન્ચમા રહીને HUFમાં Co-Parcener તરીકે દીકરી ને પણ હિસ્સો મળવો જોઈએ એ અંગે ના ચુકાદાને યાદ કરતા કહયુ કે દીકરીઓ એ લક્ષ્મીજીનુ રુપ કહેવાય અને તેમને ન્યાય આપ્યાની તેમની ખુશી છે.તેઓ એ આ અંગે વધુમા વાત કરતા કહયુ કે તેઓ હંમેશા તેવુ માને છે કે સમાજમા સ્ત્રી અને પુરુષ બંને એક સમાન ધોરણે છે એટલે સ્ત્રીઓ ને કોઈ પણ જાતનો (જાતીય) અન્યાય થવો ના જોઈએ. (Vineet Sharma vs. Rakesh Sharma)
- છેવટે ન્યાયમૂર્તિ એમ. આર. શાહે પોતાનુ સંબોધન પુરુ કરતા વાત કરી હતી કે ઘણી વખત કાયદાકીય સહાય ના અભાવે પણ સામાન્ય અને ગરીબ નાગરિકો ને ઘણી તકલીફો ભોગવવી પડતી હોય છે .સામાન્ય અને ગરીબ લોકો ને ન્યાય મળી રહે અને અન્યાય ના સહન કરવો પડે તે હેતુથી કાયદા ના સ્ટુડન્ટસ અને વકીલો ને સમાજ સુધારાકીય (કાયદાકીય) પ્રવૃત્તિમા જોડાવા આહવાના કરેલુ.
- આ ઉપરાંત તાજેતરમાં કાયદા માં આવેલ ફેરફાર બાબતે ત્રણ વિષય પર સેમિનાર નું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં ગ્રાહક સુરક્ષા કાયદા ના ફેરફારો, નવો મજુર સુરક્ષા ધારો અને તેની અસરો, નવો ગણોત ધારા ઉપર વકતાઓ એ પોતાનું વ્યાખ્યાન આપેલ હતું.
- અંતમા ફેકલ્ટી ઓફ લો ના ડીન રિષીકેશ દવે સાહેબે વોટ ઓફ થેક્સ માં સુપ્રીમ કોર્ટ ના ન્યાયમૂર્તિ એમ. આર. શાહ, ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ આઇ.જે.વોરા, હાજર રહેલા અન્ય તમામ અને વિદ્યાર્થીઓ નો આભાર વ્યક્ત કર્યો હતો.
- આજ ના આ કાર્યક્રમમાં આ ઉપરાંત રાજકોટ ડીસ્ટ્રીકટ કોર્ટ ના જજ શ્રી દેશાઇ સાહેબ, બાર કાઉન્સિલ ગુજરાતના મેમ્બર દીલીપભાઇ પટેલ, વકીલ મીત્રો, મીડિયાના મીત્રો, કેતનભાઇ મારવાડી-પ્રમુખશ્રી, જીતુભાઈ ચંદારાણા-ઉપ પ્રમુખશ્રી, પ્રો. ડો. સંચેતી-કુલપતિશ્રી, વિધાર્થી મીત્રો તથા એમના વાલીઓએ હાજરી આપી હતી.
- મારવાડી યુનિવર્સિટી સૌરાષ્ટ્રની એક માત્ર એવી યુનિવર્સિટી છે જે લો માં ૫ વર્ષ નો ઈન્ટીગ્રેટેડ હોનર્સ કોર્સ ઓફર કરે છે. આ યુનિવર્સિટી ગુજરાત ની એક માત્ર યુનિવર્સિટી છે જે NAAC A+ ગ્રેડ ધરાવે છે. મારવાડી યુનિવર્સિટીમાં બી.કોમ એલ.એલ.બી (હોનર્સ) અને બી. એ. એલ. એલ. બી (હોનર્સ) માં ઓફર કરવામાં આવે છે. આ કોર્ષમા ૧૦ સેમેસ્ટર હોય છે એટલે કે ૫ વર્ષનો આ કોર્સ છે. વિદ્યાર્થીઓને આ કોષેની અંદર નીચલી અદલાતોથી લઈને દેશની વડી અદાલત સુધીના કેસો માટે વકીલ નીચે ઈન્ટર્ન તરીકે લહાવો લેવાનો અનુભવ મળે છે.

**લલીત ગણાત્રા ( એડવોકેટ) સાથે ભાગેવ ગણાત્રા (CA સ્ટુડન્ટ), જેતપુર**

# હવે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ પણ કરશે જી.એસ.ટી. બોગસ બિલિંગ કૌભાંડ અંગેની તપાસ!!

## બોગસ બિલમાં નાણાંની લેવડદેવડ કઈ રીતે થઈ મૂળ સુધી પહોંચસે ઈન્કમ ટેક્સ




તા. ૧૧.૦૮.૨૦૨૧: ગુજરાત રાજ્યમાં છેલ્લા ચાર વર્ષ દરમ્યાન અંદાજીત ૪૦,૦૦૦ કરોડના બોગસ બિલિંગના કૌભાંડોનો જીએસટી વિભાગ પર્દાફાસ કર્યો છે. હવે આ કરચોરોની કુંડળી ઈન્કમટેક્ષ વિભાગ ખોલશે તેવા સમાચારો મળી રહ્યા છે. વિશ્વસનીય સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે આ કૌભાંડના મૂળિયા સુધી પહોંચવા આવકવેરા વિભાગે અનેક લોકોને નોટિસ પાઠવી છે અને તેમની પાસેથી વિગતો મેળવી અને નિવેદન મેળવવામાં આવશે.

કરચોરી ના આ દુષણને ડામવા માટે ઈન્કમ ટેક્ષ અને જીએસટી બંને વિભાગે હાથ મિલાવ્યા છે જેના લીધે હવે બંને ડિપાર્ટમેન્ટ જે તે પાર્ટીના ટર્નઓવરથી અનેક સંબંધિત માહિતીઓ જોઈ શકશે.

જીએસટીની ઈન્ટેલિજન્સએ રાજકોટ, ભાવનગર, અમદાવાદ, સુરત અને વડોદરા સહિત રાજ્યભરમાં બોગસ બિલિંગ કૌભાંડ આચરનાર ૧૦૦થી વધુ લોકોની યાદી ઈન્કમટેક્સ વિભાગને આપી છે જેમાં જીએસટીનો કાયદો આવ્યા બાદ કૌભાંડ કરનારાઓની વિગતો ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટને સોંપવામાં આવી છે. આ યાદીમાં અમુક એવા કેસ પણ છે કે જેમાં અધિકારીઓએ કૌભાંડીઓની ધરપકડ પણ કરી છે.


આવકના સ્રોત જાણવા માટેની સત્તા જીએસટી વિભાગ પાસે હોતી નથી, આથી બોગસ બિલિંગમાં નાણાંની લેવડદેવડ સહિતના વ્યવહારો જે તે પાર્ટી એ કઈ રીતે કર્યા તે અંગે આવકવેરા વિભાગ કૌભાંડીયા ઓનીની તપાસ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે નવી જોગવાઈ મુજબ પાનકાર્ડ ઉપરથી ઇન્કમટેક્સ અને જીએસટી બંને ડિપાર્ટમેન્ટ કરદાતાઓના ટર્નઓવર સહિતના વ્યવહારો જોઈ શકે છે.

કારચોરો ઉપર આ રીતે જીએસટી અને ઇન્કમ ટેક્સ એમ બન્નેની ઘોસ વધતા કારચોરોમાં ફફડાટ વ્યાપી ગયો હોવાના સમાચાર માલી રહ્યા છે.

**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

# સાંસદો તથા ધારાસભ્યો ઉપરના કેસોની સુનાવણી સાથે જોડાયેલા જજોને 'ટ્રાન્સફર' કરવા ઉપર રોક લાગવતી સુપ્રીમ કોર્ટ

## MP તથા MLAના કેસો ચલાવતા જજો ઉપર રાજનૈતિક દબાણ અટકાવવા ઉપયોગી બની શકે છે આ અંતરીમ આદેશ



તા.૧૦.૦૮.૨૦૨૧: સુપ્રીમ કોર્ટ દ્વારા આજે એક મહત્વના આદેશ કરતાં સાંસદો તથા ધારાસભ્યો ઉપર ચાલી રહેલા કેસોમાં જજોની તબદીલી કરવા ઉપર વધુ આદેશ ના કરવામાં આવે ત્યાં સુધી રોક ફરમાવવામાં આવી છે. આ સાથે જ સુપ્રીમ કોર્ટ દ્વારા એ પણ આદેશ કરવામાં આવ્યો છે કે જે તે હાઈકોર્ટની પરવાનગી લીધા સિવાય કોઈ પણ સાંસદ કે ધારાસભ્યો સામેના કેસો બંધ કરી શકાશે નહીં. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ રમન્ના સહિત અન્ય બે જજોની બેન્ચ દ્વારા આ અંતરીમ આદેશ આપવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા તમામ રાજ્યોની હાઈકોર્ટના રજીસ્ટ્રારને આ પ્રકારના સાંસદો તથા ધારાસભ્યો ઉપર ચાલી રહેલા કેસો અંગેની વિગતો પણ રજૂ કરવા જણાવવામાં આવ્યું છે. જો કે સુપ્રીમ કોર્ટે આ આદેશમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કોઈ જજ રિટાયર થાય કે મૃત્યુ પામે તો આ રોક તેવા સંજોગોમાં લાગુ પડશે નહીં. આ ઉપરાંત તમામ હાઈકોર્ટના રજીસ્ટ્રારને કોઈ ઈમરજન્સી જરૂર પડી હોય તો સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવા પણ જણાવવામાં આવ્યું છે. આ પિટિશનમાં અરજકર્તા અશ્વિનકુમાર ઉપાધ્યાય દ્વારા ક્રિમિનલ કેસ થયો હોય તેવા વ્યક્તિને ચૂટણી લડવા પ્રતિબંધિત કરવા માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત અરજીમાં સાંસદ તથા ધારાસભ્યો માટે લઘુતમ શૈક્ષણિક લાઇકાત તથા મહત્તમ વયમર્યાદા અંગે પણ દાદ માંગવામાં આવી છે. આ કેસની હવે પછીની સુનાવણી ૨૫ ઓગસ્ટના રોજ હાથ ધરવામાં આવશે. ચૂટણી વ્યવસ્થામાં પરીવર્તન લાવવા અનેક પ્રયાસો પૈકી આ કેસ મહત્વનો સાબિત થશે તેવું માનવમાં આવી રહ્યું છે.

**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

# રાજ્યભરમાં પેટ્રોલ પંપના વેપારીઓ ઉપર વેટ ડિપાર્ટમેંટની મોટી કાર્યવાહી: વેટ નોંધણી દાખલો રદ્દ થયો હોવા છતાં કરવામાં આવી રહ્યું હતું વેચાણ

## સતત ટેક્સ ભરવાંમાં તથા રિટર્ન ભરવામાં થતાં ડિફોલ્ટ બાબતે કરવામાં આવી મોટી કાર્યવાહી

તા.૧૦.૦૮.૨૦૨૧: ગુજરાત રાજ્યમાં ૧૦૪ જેટલા પેટ્રોલ પંપ ઉપર વેટ ડિપાર્ટમેંટ દ્વારા તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સતત ૩ મહિના સુધી વેટ રિટર્ન ભરવામાં કસૂર કરવા બદલ આવા પેટ્રોલ પંપના વેટ નંબર રદ્દ કરી નાંખવામાં આવ્યા છે.

આ નંબર રદ કરી આપવામાં આવ્યા હોવા છતાં તેઓએ કાયદા હેઠળ અપીલ કરવાંને બદલે નોંધણી દાખલા વગર જ પોતાનો ધંધો ચાલુ રાખવામા આવ્યો હતો. વેટ કાયદાની જોગવાઈઓ હેઠળ વેટ નોંધણી ધરાવતાના હોય તેવા વેપારીઓ કોઈ વેટ ઉઘરવી શકતા ના હોય, આમ છતાં આ નોંધણી દાખલો રદ્દ થયેલા પેટ્રોલ પંપ રાબેતા મુજબના ભાવે પેટ્રોલ-ડીઝલનું વેચાણ કરી વેટ ઉઘરાવતા હતા. આ કાર્યવાહીમાં ગઈકાલ રાત સુધી મળેલ માહિતી પ્રમાણે રૂ.૪૦૦ કરોડના વેચાણ તથા ૬૪ કરોડ જેવી માતબાર રકમનો ટેક્સ ચોરી થયાની વિગતો સામે આવી હોવાની માહિતી પ્રેસ વિજ્ઞપ્તિ દ્વારા જાહેર કરવામાં આવી છે. સમગ્ર રાજ્યમાં આ પ્રમાણે મોટા પ્રમાણમા વેટ ડિપાર્ટમેંટ હરકતમાં આવતા પેટ્રોલ પંપના વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હોવાના સમાચાર મળી રહ્યા છે.

**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

# કેશોદ ખાતે સોની વેપારીઓ માટે હોલમાર્કિંગ તથા HUID બાબતે ખાસ મિટિંગનું કરાયું આયોજન




**તા.૨૮.૦૭.૨૦૨૧**

કેશોદના ગિરનાર સોની સમાજ હોલ ખાતે સુવર્ણકાર સંઘ દ્વારા હોલમાર્કિંગ નિયમોમાં આવેલ મહત્વના સુધારા બાબતે પોતાના સભ્યોને માહિતગાર કરવા એક મિટિંગનું આયોજન તારીખ ૨૭ જુલાઈ ૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં કેશોદના નામાંકિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વિપુલ વિઠલાણી દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. હોલમાર્કિંગના નિયમોના કારણે વેપારીઓને પડી રહેલી મુશ્કેલીઓ બાબતે આ મિટિંગમાં ચર્ચા કરવામાં આવી હતી.

**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

# ટેક્સ પ્રોફેશનલ્સની વ્યથા દર્શાવતુ માર્મિક કાર્ટૂન




# સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ દ્વારા ઉદયપુર ખાતે બે દિવસીય રેસિડન્ટ રિફ્રેશર કોર્સનું કરાયું આયોજન




સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ (સી.જી.સી.ટી.સી. ) દ્વારા તા. ૨૨-૨૩ જુલાઇના રોજ ઉદયપુરના રમાડા રિસોર્ટ્સ ખાતે નિવાસી રેસિડેન્શિયલ રીફ્રેશર કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેસિડેન્ટ રીફ્રેસર કોર્સમાં, ઇ વે બીલ્સ, એમ.એસ.એમ.ઇ. અને ટેક્સેશન સંબંધિત વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ૨ દિવસીય સેમિનારમાં વિવિધ કર વ્યવસાયી, એડવોકેટ અને સીએ દ્વારા જીએસટી અને આવકવેરાના વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી.

કરવેરાના વિવિધ વિષયો પર એડવોકેટ શ્રી ભાસ્કરભાઇ પટેલ, કૌશિકભાઇ વૈદ્ય, ભરતભાઇ સ્વામી, જગેશભાઈ શાહ જેવા તજજ્ઞો દ્વારા તેમના મંતવ્યો રજૂ કરવાના આવ્યા હતા. આ રેસિડન્ટ રિફ્રેશર કોર્સમાં ૫૧ વ્યક્તિઓએ આ ભાગ લીધો.

આયોજક સંસ્થાના પ્રમુખ એડવોકેટ હિમાંશુભાઇ વાઘેલા અને સી.જી.સી.ટી.સી. સમગ્ર ટીમ દ્વારા આ આયોજન માટે જહેમત ઉઠાવવામાં આવી હતી.

**(ચિંતન પોપટ, ટેક્સ ટુડે વડોદરા)**

# ઇ વે બિલ બ્લોક ના થવાની સ્વતંત્રતા થશે સ્વતંત્રતા દિવસથી બંધ!!

## હાલ, કોવિડ મહામારીના કારણે રિટર્ન બાકી હોય છતાં નથી કરવામાં આવી રહ્યા ઇ વે બિલ બ્લોક

તા. ૦૫.૦૮.૨૦૨૧: જી.એસ.ટી. કાયદા હેઠળ બે કે તેથી વધુ સમયગાળા માટેના રિટર્ન ભરવાના કોઈ કરદાતા માટે બાકી હોય ત્યારે તેમના દ્વારા કરવામાં આવતી ખરીદી વખતે વેચનાર દ્વારા બનાવવાના થતાં ઇ વે બિલ તથા વેચાણ વખતે બનાવવાના થતાં ઇ વે બિલની સગવડ બ્લોક કરી દેવામાં આવતી હતી. કોરોના મહામારીમાં વેપારીઓને રાહત આપતા આ પ્રકારે ઇ વે બિલ બ્લોક કરવામાં સરકાર દ્વારા રાહત આપવામાં આવી હતી. આમ, આગામી ૧૫ ઓગસ્ટથી જે વેપારી માસિક રિટર્ન ભરવા જવાબદાર હોય તેમના મે અને જૂન મહિના કે તેથી વધુના 3B રિટર્ન બાકી હશે તો તેઓના GSTIN ઉપર ઇ વે બિલ જનરેટ થઈ શકશે નહીં. આ ઉપરાંત ત્રિમાસિક ૩ઈ ભરવા જવાબદાર વેપારી કે જેઓના જાન્યુઆરીથી માર્ચ અને એપ્રિલથી જૂન એમ બે ત્રિમાસ કે તેથી વધુના જી.એસ.ટી. રિટર્ન બાકી હશે તો તેઓના GSTIN ઉપર ઇ વે બિલ જનરેટ થઈ શકશે નહીં. કંપોઝીશનની પરવાનગી ધરાવતા કરદાતા કે જેમના જાન્યુઆરીથી માર્ચ અને એપ્રિલથી જૂનના CMP-08 (ટેક્સ પેમેન્ટ) બાકી હશે તેમના GSTIN ઉપર પણ ઇ વે બિલ બનવાના બ્લોક થઈ જશે.

જી.એસ.ટી. પોર્ટલ ઉપર આ અંગે કરદાતાઓને આ અંગે સૂચના આપવામાં આવી છે કે જે કરદાતાઓના બાકી રિટર્ન છે તેઓ દ્વારા ભરી આપવામાં આવે, અન્યથા ૧૫ ઓગસ્ટ ૨૦૨૧થી તેઓના GSTIN ઉપર ઇ વે બિલ બનવાના બ્લોક થઈ જશે.

**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.)

## Article from experts

# સોના ચાંદીના દાગીનામાં હોલમાર્કિંગ અંગે વેપારીઓને મુંઝવતા પ્રશ્નો અને તેમના સમાધાન

**તા. ૧૩.૦૮.૨૦૨૧:**

સોનાના દાગીનાનું વેચાણ કરતાં વેપારીઓ માટે ફરજિયાત હોલમાર્કિંગ અંગેનો નિયમ ૧૬ જાન્યુઆરી ૨૦૨૧થી લાગુ કરવામાં આવ્યો છે. આ અંગે વેપારીઓમાં મોટા પ્રમાણમા દ્વિધા હોવાની વિગતો મળી રહી છે. આ વિષય ઉપર આ લેખ વેપારીઓ માટે સરળતા ઊભી કરવા ઉપયોગી બની શકે છે.

**સોના-ચાંદીના દાગીનામાં હોલમાર્કિંગ અંગેનો ઇતિહાસ:**

૧. બ્યૂરો ઓફ ઇંડિયન સ્ટાન્ડર્ડ એક્ટ, ૨૦૧૬ હેઠળ હોલમાર્કિંગની પદ્ધતિ લાગુ કરવામાં આવી છે.
૨. હોલમાર્ક નોંધણી અંગેનો કાયદો ૧૪ જૂન ૨૦૧૮ ના રોજ બહાર પાડવામાં આવ્યો.
૩. હોલમાર્ક દાગીના વેચાણ માટે ફરજિયાત નોંધણી અંગેનો આદેશ ૧૫ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ બહાર પાડવામાં આવ્યો અને ૧૫ જાન્યુઆરીથી હોલમાર્ક ફરજિયાત કરવા અંગે આદેશ બહાર પાડવામાં આવ્યો.
૪. ૦૯ ઓક્ટોબર ૨૦૨૦ થી આદેશ બહાર પડી ફરજિયાત હોલમાર્કિંગના નિયમ ૧૫ જાન્યુઆરી ૨૦૨૦ ના સ્થાને ૦૧ જૂન ૨૦૨૧ થી લાગુ કરવા જાહેર કરવામાં આવ્યું.
૫. ૦૧ જૂન ૨૦૨૧ ના રોજ આદેશ બહાર પડી ૦૧ જૂનના સ્થાને ૧૬ જૂનથી ફરજિયાત હોલમાર્કિંગનો નિયમ અમલી બનાવવામાં આવ્યો.

વેપારીઓની સરળતા માટે પ્રશ્ન જવાબ સ્વરૂપે આ કાયદા હેઠળ પૂછાતા પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા છે.

**અમે હોલમાર્કનું લાઈસન્સ ધરાવીએ છીએ. શું અમે અન્ય હોલમાર્કનું લાઈસન્સ ધરાવતા વેપારીના દાગીનાનું વેચાણ કરી શકીએ છીએ?**

જવાબ: હા, તમે હોલમાર્કનું લાઈસન્સ ધરાવતા હોય ત્યારે અન્ય વેપારીના હોલમાર્ક સાથેના દાગીનાનું વેચાણ કરી શકો છો. (રેગ્યુલેશન ૩(૫) ૨. આ માટે તમારી પાસે ખરીદીના પુરાવા અથવા તો હોલમાર્ક ધરાવતા વેપારીનો ઓથોરીટી લેટર હોવો જરૂરી છે.

**મારી પાસે હોલમાર્કનું લાઇસન્સ છે. હવે મારી દુકાન હું અન્ય સ્થળ ઉપર બદલું છું. શું આ અંગે મારે કોઈ જાણ હોલમાર્ક ઓથોરીટીને કરવાની રહે?**

જવાબ: હા, હોલમાર્કનું લાઈસન્સએ જે તે જગ્યા માટે આપવામાં આવે છે. જો ધંધાની જગ્યામાં કોઈ ફેરફાર કરવામાં આવે તો આ અંગેની જાણ કરી હોલમાર્ક લાઈસન્સમાં સુધારો કરાવવો જરૂરી છે.

**એક વેપારી તરીકે જ્યારે અમે હોલમાર્ક લાઈસન્સ ધરાવીએ છીએ ત્યારે અમારો દાગીનો હોલમાર્ક કરાવવા હોલમાર્કિંગ સેન્ટર પર મોકલીએ ત્યારે લેખિતમાં જાણ કરવી જરૂરી છે?**

જવાબ: હા, તમારે જ્યારે પણ કોઈ દાગીનો લાઈસન્સ કરાવવા મોકલવાનો થાય ત્યારે તમારે આ અંગે લેખિતમાં હોલમાર્કિંગ સેન્ટર ને જાણ કરવાની રહે તથા આ લેખિત જાણ કર્યા અંગેની વિગતો પણ સાચવી રાખવાની રહે.

**અમારા બિલમાં હોલમાર્કિંગ ચાર્જનો ઉલ્લેખ કરવો ફરજિયાત છે?**

જવાબ: હા, હોલમાર્કનું રજીસ્ટ્રેશન ધરાવતા વેપારીએ પોતાના બિલમાં હોલમાર્કિંગનો ચાર્જ અલગ બતાવવો જરૂરી બને છે.

**હોલમાર્ક દાગીનાનું ખરીદ વેચાણના બિલો કેટલા વર્ષ સુધી જાળવવા જરૂરી છે?**

જવાબ: હોલમાર્ક દાગીનાનું ખરીદ વેચાણ બિલ હોલમાર્ક તારીખથી/ ખરીદ તારીખથી ૫ વર્ષ સુધી અથવા તો આ હોલમાર્ક જ્વેલરીનું વેચાણ થાય ત્યાં સુધી બે માંથી જે મોડુ હોય ત્યાં સુધી જાળવવાના રહે. અલબત આ બાબતે વેપારી એ બાબત પણ ધ્યાન રાખે કે ઈન્કમ ટેક્સ કાયદા તથા જી.એસ.ટી. કાયદા હેઠળ આ પ્રકારના સાહિત્યોની જાળવણી માટે આ નિયમો કરતાં પણ વધુ સમય સુધી આ સાહિત્યોની જાળવણી કરવાની રહે છે.




**હોલમાર્કનું લાઈસન્સ મારે દુકાન ઉપર પ્રદર્શિત કરવું ફરજિયાત છે?**

જવાબ: હા, હોલમાર્કનું લાઈસન્સ દુકાન ઉપર લોકો જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવું જરૂરી છે.

**અમો હોલમાર્કનું લાઈસન્સ ધરાવીએ છીએ. શું આ લાઈસન્સ રિન્યૂ કરવાનું રહેતું હોય છે?**

જવાબ: હા, હોલમાર્ક લાઈસન્સમાં આ લાઈસન્સ ક્યાં સુધી માન્ય છે તે અંગે વિગતો આપેલી હોય છે. આ મુદત પૂરી થયા ના ઓછામાં ઓછા ૩૦ દિવસ પહેલા આ લાઈસન્સ રિન્યૂ કરાવવા અરજી કરવાની રહે છે.

**હોલમાર્ક અરજી માટે શું ફી ભરવાની રહે છે?**

જવાબ: હોલમાર્ક અરજી સાથે ૨૦૦૦ રૂની અરજી ફી તથા ૫ કરોડ સુધીના ટર્નઓવર વાળા વેપારીઓ માટે પાંચ વર્ષ માટે ૭૫૦૦ ની નોંધણી ફી ભરવાની રહે છે.

**હું નાના પાયે ધંધો કરતો વેપારી છું. શું મારે પણ હોલમાર્ક લાઈસન્સ લેવું ફરજિયાત છે?**

જવાબ: ના, ૪૦ લાખ સુધીનું ટર્નઓવર ધરાવતા વેપારી માટે હોલમાર્કનું લાઈસન્સ લેવું ફરજિયાત નથી.

**હું હોલમાર્ક કરેલા દાગીનાનું વેચાણ કરું છું પરંતુ મારી પાસે હોલમાર્કનું લાઈસન્સ નથી. શું આ માટે મને કોઈદંડ થઈ શકે છે?**

જવાબ: હા, હોલમાર્કનું લાઈસન્સ લેવા જવાબદારો હોય અને હોલમાર્ક નોંધણી ના કરાવેલ હોય તેવા વેપારી જો હોલમાર્ક દાગીનાનું વેચાણ કરતાં હોય તો તેમના ઉપર દંડ થઈ શકે છે.

**હોલમાર્કિંગનો નિયમ કઈ ચીજ વસ્તુઓના વેપાર બાબતે તથા ક્યાં પ્રકારના વેપારીઓ માટે ફરજિયા નથી?**

જવાબ: હોલમાર્કિંગના નિયમ માટે નીચેના વસ્તુ/ વ્યવહારો/વેપાર બાબતે લાગુ પડતાં નથી.

**ગોલ્ડ જ્વેલરી આદેશ ૧૫.૦૧.૨૦૨૦**

૧. એક્સપોર્ટ થતાં દાગીના
૨. બે ગ્રામથી ઓછું વજન ધરાવતા દાગીના
૩. ભારત બહારથી હોલમાર્કિંગ માટે આવતા દાગીના
૪. એવી ચીજવસ્તુ જે મેડિકલ/ડેન્ટલ/વૈજ્ઞાનિક બાબતો માટે વાપરવામાં આવતી હોય.
૫. સોનાની દોરીના દાગીના
૬. કોઈ દાગીના જે સંપૂર્ણ પણે તૈયાર નથી અને જેના ઉપર હજુ ઉત્પાદન થવાનું બાકી હોય
૭. ગોલ્ડ બુલિયન (સોનાની લગડી)

**ગોલ્ડ જ્વેલરી આદેશ ૨૩.૦૬.૨૦૨૧**

૧. ભારત સરકારના દિશાનિર્દેશ ઉપર એક્સપોર્ટ તથા રી ઈમ્પોર્ટ થતાં દાગીનાઓ
૨. વિદેશોમાં પ્રદર્શન માટે લઈ જવામાં આવતા દાગીના
૩. ભારત સરકાર દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ બિઝનેસ ટુ બિઝનેસ પ્રદર્શનો માટે રહેલા દાગીનાઓ.
૪. કુંદન, પોલકી, જાડાઉ જેવા દાગીના
૫. ઘડિયાળ અને ફાઉનટેન પેન
૬. એવા વેપારી કે જેમનું ટર્નઓવર ૪૦ લાખથી નીચું હોય.

**શું ફરજિયાત હોલમાર્કનો નિયમ ૨૨ કેરેટના દાગીના માટેજ લાગુ પડે છે?**

જવાબ: ના, ફરજિયાત હોલમાર્કનો નિયમ ૧૪, ૧૮ તથા ૨૨ કેરેટના દાગીનાઓ માટે લાગુ પડે છે.

**શું ફરજિયાત હોલમાર્કિંગનો નિયમ સમગ્ર દેશમાં લાગુ પડી ગયો છે?**

જવાબ: ના, ફરજિયાત હોલમાર્કિંગનો આ નિયમ ૨૩ જૂન ૨૦૨૧ ના આદેશ માં જણાવેલ જિલ્લાઓ માટેજ ફરજિયાત રહે છે. આ જિલ્લાઓમાં ગીર સોમનાથનો જિલ્લાનો સમાવેશ થાય છે. પરંતુ દીવ જિલ્લાનો સમાવેશ થતો નથી.

**હોલમાર્કના દાગીના વેચાણ કરતાં વેપારીએ ફરજિયાત હોલમાર્કની નોંધણી લેવી ફરજિયાત બને?**

જવાબ: ના, ૪૦ લાખ સુધીના ટર્નઓવર ધરાવતા વેપારી હોલમાર્ક ના હોય તો પણ હોલમાર્કિંગ કરેલા બીજાના દાગીનાનું વેચાણ કરી શકે છે. આ માટે ખરીદીનું બિલ જરૂર પડ્યે રજૂ કરવાનું રહે છે.

**હોલમાર્કનું લાઈસન્સ ધરાવતા વેપારીએ પોતાના જૂના સ્ટોક માટે પણ હોલમાર્કિંગ કરાવવું ફરજિયાત બને તથા HUID કરાવવું ફરજિયાત બને?**

જવાબ: હા, હોલમાર્કિંગની નોંધણી મેળવવામાં આવે ત્યાર બાદ કોઈ પણ વેપારી પોતાનો જૂનો સ્ટોક વેચાણ કરે તો પણ હોલમાર્કિંગ કરાવવું જરૂરી બને.

**હોલમાર્ક લાઈસન્સ ધરાવતો વેપારી જૂનો સ્ટોક હોલમાર્ક ના ધરાવતા વેપારીઓને હોલમાર્ક વગર વેચાણ કરી શકે?**

જવાબ: ના, હોલમાર્ક ધરાવતો વેપારી કોઈ પણ જૂનો માલ હોલમાર્ક હેઠળ રજીસ્ટર થયા પછી હોલમાર્ક વગર વેચાણ કરી શકે નહીં.

**હોલમાર્ક ધરાવતો વેપારી હોલમાર્ક નોંધણી ના ધરાવતા વેપારીને હોલમાર્ક વાળા દાગીનાનું વેચાણ કરી શકે?**

જવાબ: હા, હોલમાર્ક ધરાવતો વેપારી અન્ય હોલમાર્ક ના ધરાવતા વેપારીને જ્યારે નોંધણી મેળવવી ફરજિયાત ના હોય તેવા કિસ્સાઓમાં (૪૦ લાખથી નીચેનું ટર્નઓવર વી.) વેચાણ કરી શકે તેવો અમારો મત છે.

સોની વેપારીઓ હાલ હોલમાર્કિંગ સંદર્ભે ઘણી મુંઝવાણ અનુભાવિ રહ્યા છે. જે મુંઝવણ અને તેના મારા મત મુજબના સમાધાન આ સાથે આપવા પ્રયાસ કર્યો છે. આ તકે એ બાબત સ્પષ્ટ કરવી જરૂરી છે કે બ્યૂરો ઓફ ઈંડિયન સ્ટાન્ડર્ડનો કાયદો તથા તેના હેઠળ આવેલા ઓર્ડર્સ ઉપરથી આ મારા મંતવ્યો છે. આ અંગે કોઈ કાયદાવિદના મંતવ્યો અલગ પણ હોય શકે છે. આ અંગે આપના કોઈ પ્રશ્ન કે અભિપ્રાય હોય તો આપ અમને editor@taxtuday.co.in પર ઈમેઈલ કરી શકો છો.

(લેખક: ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે)

---

### જી.એસ.ટી. હેઠળ કરચોરી ડામવા ઉઠાવવામાં આવ્યા છે ઘણા પગલાં: રાજ્ય કક્ષાના નાણાપ્રધાન

# શું આ પગલાઓથી ટેક્સ ચોરી અટકી?? કે માત્ર થયા છે પ્રમાણિક કરદાતાઓ પરેશાન??

### ચાલુ નાણાકીય વર્ષમાં જૂન સુધી ૧૯૦૦ કરોડની વસૂલાત કરવામાં આવી: રાજ્યસભામાં પંકજ ચૌધરી દ્વારા આપવામાં આવી લેખિત માહિતી

તા. ૦૪.૦૮.૨૦૨૧: હાલ સંસદનું ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે. આ સત્ર દરમ્યાન રાજ્યસભામાં, રાજ્ય કક્ષાના નાણામંત્રી શ્રી પંકજ ચૌધરી દ્વારા એક લેખિત જવાબમાં જણાવાયુ હતું કે જી.એસ.ટી. હેઠળ ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ તથા એપ્રિલ-જૂન ૨૦૨૧ સુધી કરચોરીના ૨૪૮૩૩ જેટલા કેસો ડિપાર્ટમેંટ દ્વારા પકડવામાં આવ્યા છે. આ કેસોમાં અંદાજે ૯૮ હજાર કરોડની રકમ જેટલી જી.એસ.ટી. ચોરી થયાનું બહાર આવ્યું છે જે પૈકી ૩૩ હજાર કરોડ જેટલી રકમની વસૂલાત જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા કરવામાં આવી છે. આ અંગે નાણાં મંત્રાલય દ્વારા આધિકારીક પ્રેસ વિજ્ઞપ્તિ પણ ૦૩ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ બહાર પાડવામાં આવી છે. પ્રેસ વિજ્ઞપ્તિમાં જણાવવામાં આવ્યું છે કે હાલ જી.એસ.ટી. અંગેની સંપૂર્ણ પ્રક્રિયાઓ ઓનલાઈન પોર્ટલ ઉપર કરવાની રહે છે. આમ છતાં કરચોરો કાયદાની તથા સિસ્ટમની છટકબારીઓ શોધી આ પ્રકારની કરચોરી કરી રહ્યા હોય છે. જો કે ક્યારેક આ પ્રકારની ચોરી માનવીય ભૂલોના કારણે ખોટી વિગતો આપવાના કારણે પણ થતી હોય છે તેવી સ્પષ્ટતા પણ આ પ્રેસ વિજ્ઞપ્તિમાં કરવામાં આવી છે. ઉલ્લેખનીય રીતે આ પ્રેસ વિજ્ઞપ્તિમાં ખાસ જાહેર કરવામાં આવ્યું છે કે આ પ્રકારની ચોરી એ સિસ્ટમમાં રહેલી ખામીઓના કારણે થઈ નથી. આ પ્રેસ વિજ્ઞપ્તિમાં જણાવવામાં આવ્યું છે કે ડિપાર્ટમેંટ દ્વારા આ પ્રકારની કરચોરી રોકવા નીચેના પગલાં લેવામાં આવ્યા છે:




- નવા નોંધણી દાખલા માટે આધાર ઓથેનટીકેશન ફરજિયાત બનાવવામાં આવ્યું છે અને જે નવા નોંધણીમાં આધાર ઓથેંટિકેશન ના થાય તેમાં ફરજિયાત સ્થળ તપાસની પદ્ધતિ દાખલ કરવામાં આવી છે.
- નોંધણી નંબર રદ થયો હોય અને ફરી નોંધણી મેળવતા કરદાતાઓની વિગતો અધિકારીને આપવામાં આવી છે.
- કરચોરીની શંકા હોય તેવા કરદાતાઓના નોંધણી દાખલા સસ્પેન્ડ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
- મોટા પ્રમાણમા કરચોરી આચારનાર કરદાતાઓના નંબર સસ્પેન્ડ કરવાની સિસ્ટમ ચાલુ કરવામાં આવેલ છે.
- સતત છ મહિનાના GSTR 3B રિટર્ન ના ભરવામાં આવે તેવા કિસ્સામાં નોંધણી દાખલો રદ કરવાની જોગવાઈ કાયદામાં રહેલી છે.
- કરદાતાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બ્લોક કરવાના પગલાં પણ લેવામાં આવ્યા છે.
- GSTR 2A દ્વારા કરદાતાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટની ખરાઈ કરવાની પદ્ધતિ પણ અમલમાં મૂકવામાં આવી છે.

રાજ્ય મંત્રી દ્વારા આ પ્રમાણે કરચોરી રોકવા અંગેના પગલાંની વિગતો તો રાજ્યસભામાં રજૂ કરવામાં આવી છે પરંતુ જમીની સ્તરે નિષ્ણાંતો માની રહ્યા છે કે આ તમામ પગલાંઓથી કરચોરી તો ઘટાડી શકી નથી પરંતુ પ્રમાણિક કરદાતાઓ માટે પરેશાની ચોક્કસ વધી ગઈ છે. આ અંગે વાત કરીએ તો આધાર ઓથેનટીકેશન ના થવાના કારણોમાં સૌથી મોટું કારણ PAN-આધારમાં નામ મિસમેચનું હોય છે. આ મિસમેચના કારણે આધાર ઓથેનટીકેશન ના થાય અને કરદાતાને એક મહિનાથી વધુ સમય જી.એસ.ટી. નોંધણી માટે રાહ જોવી પડતાં હોવાના અનેક દાખલા સામે આવી રહ્યા છે. કંપોઝીશન હેઠળ નોંધણી માટે અરજી કરવામાં આવી હોય તેવા કિસ્સામાં પણ આ નિયમ જડતાથી લાગુ કરવામાં આવી રહ્યો છે. શું કંપોઝીશનની પરવાનગી ધરાવતો કરદાતા આ પ્રકારે ટેક્સ ચોરી કરી શકે?? આ ઉપરાંત ટેકનિકલ કારણોસર નોંધણી નંબર રદ્દ થયો હોય અને ફરીએ નંબર ટેકનિકલ કારણોસર શરૂ ના થઈ શકતા નવી અરજી કરવા વાળા કરદાતાને પણ બિનજરૂરી પ્રશ્નો ઊભા કરી નોંધણી આપવામાં વિલંબ થઈ રહ્યાના પણ સમાચારો મળી રહ્યા છે. કોઈ પણ જાતની નોટિસ આપ્યા વગર કરદાતાનો નંબર સસ્પેન્ડ કરી આપવા અંગેની સત્તા અધિકારીઓને આપવામાં આવી છે. આ પ્રકારની જોગવાઈ એ ખુલ્લી રીતે કુદરતી ન્યાયના સિદ્ધાંતોનો ભંગ છે અને બંધારણના અનુચ્છેદ 19(1)(g) હેઠળ વ્યક્તિને આપવામાં આવેલ ધંધો કરવાના અધિકારનો પણ ભંગ ગણી શકાય. આ બાબત ઉપર અલગ અલગ વડી અદલતોમાં ઘણી રિટ પિટિશન થઈ રહી હોવાના પણ સમાચાર છે. જોકે જમીની સ્તરે અધિકારીઓ પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી આ પ્રકારની જોગવાઈઓનો ઉપયોગ જૂજ પ્રમાણમા કરી રહ્યા હોવાની વિગતો પણ મળી રહી છે. ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બ્લોક કરવાની સગવડ કે GSTR 2Aમાં હોય તેટલી ક્રેડિટ જ કરદાતાને આપવાની જોગવાઈ એ ચોક્કસ પણે ‘પાડાના વાંકે પખાલી ને ડામ’ આપવા જેવી બાબત છે. અનેક કિસ્સાઓમાં ટેકનિકલ કારણોસર અથવા તો માનવીય ભૂલના કારણે કરદાતાની ‘જેન્યૂન’ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બ્લોક થયાના તથા નામંજૂર થયાના ઉદાહરણો સામે છે.

કરચોરીએ ચોક્કસ મોટું દૂષણ છે તે બાબતે કોઈ બે મત નથી. પરંતુ નાણાં મંત્રાલય તથા જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા ઉઠાવવામાં આવી રહેલા પગલાં કરચોરો કરતાં પ્રમાણિક કરદાતાઓને વધુ પરેશાન કરી રહ્યા છે. કરચોરી ઉપર યોગ્ય નજર રાખવા સિસ્ટમની મદદ લઈ નવો નોંધણી દાખલો મેળવી તુરંત જ ખૂબ મોટા વ્યવહારો ઉપર નજર રાખવામા આવે તો મહદ અંશે કરચોરી રોકવામાં સફળતા મળી શકે છે. જરૂર છે અધિકારીઓ તથા સિસ્ટમને વધુ ‘વિજિલંટ’ બનાવવાની. મોદી સરકારની ‘ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ’ની નેમ ખરેખર આવકાર દાયક છે પરંતુ આ પ્રકારના અવ્યાવહારિક પગલાંઆ દૂરંદેશી ધરાવતા રાજકીય નેતાઓના ઈરાદા પૂરા કરવા સામે અવરોધ બની રહ્યા છે તે ચોક્કસ છે.

(ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે)

---

# જી.એસ.ટી. પોર્ટલ ઉપર બેન્ક વિગતો અપલોડ કર્યા સિવાય નહીં થઈ શકે અન્ય કોઈ પણ કામગીરી


### જી.એસ.ટી. નિયમો હેઠળના નિયમ 10A મુજબ બેન્ક ખાતાની વિગતો નોંધણી દાખલો ઈસ્યું થયાથી ૪૫ દિવસમાં આપવી છે ફરજિયાત

તા. ૨૯.૦૭.૨૦૨૧: જી.એસ.ટી. પોર્ટલ ઉપર હવેથી બેન્ક અંગેની વિગતો નવા કરદાતા પાસેથી ફરજિયાત પણે માંગવામાં આવી રહી છે. આ અંગે વાત કરીએ તો જી.એસ.ટી. નિયમોના નિયમ 10A મુજબ કોઈ પણ કરદાતા કે જેઓ દ્વારા નવો નોંધણી નંબર લેવામાં આવ્યો છે તેઓએ પોતાની બેન્ક ખાતા અંગેની વિગતો ૪૫ દિવસ અથવા તો જી.એસ.ટી. કાયદાની કલમ ૩૯ હેઠળનું રિટર્ન ભરવાની મુદત બન્નેમાંથી જે વહેલી હોય તેના પહેલા પોર્ટલ ઉપર અપલોડ કરવી ફરજિયાત છે.




આ નિયમનો ફરજિયાત પણે અમલ થાય તે હેતુંથી પોર્ટલ ઉપર આ પ્રકારની વિગતો હવે નવા નોંધાયેલ કરદાતા પાસે ફરજિયાત માંગવામાં આવી રહી હોવાના સમાચાર મળી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે અગાઉના વેટ કાયદામાં તથા જી.એસ.ટી. લાગુ થયા ના શરૂઆતમાં બેન્ક ખાતાની વિગતો નોંધણી નંબર મેળવવાની અરજી સાથે આપવાની થતી હતી. જી.એસ.ટી. નંબરએ બેન્ક ખાતા ખોલાવવા માટે પણ મહત્વનો હોય, આ વિધિ માં ત્યારબાદ છૂટ આપવામાં આવી હતી. હાલ, આ વિગતો નોંધણી સમયે નહીં પરંતુ નોંધણી નંબર મેળવ્યા બાદ આપવાની રહે છે. આ નિયમનો ચુસ્ત પણે પાલન કરવાનું હવે પોર્ટલ ઉપર શરૂ થતાં આ વિગતો અપલોડ થયા બાદ જ પોર્ટલ ઉપર અન્ય કામગીરી કરવી શક્ય બની રહી છે.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)



# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

16th August 2021

## જી.એસ.ટી.

**જી.એસ.ટી. પોર્ટલ ઉપર હાલ કરદાતાના લોગિન ડેશબોર્ડ પર એગ્રીગેટ ટર્નઓવર દર્શાવવામાં આવી રહ્યું છે. શું છે આ એગ્રીગેટ ટર્નઓવર? શું આ ટર્નઓવરમાં આપણે વિગત નાંખવી જરૂરી છે? જો ઓટો પોપ્યુલેટ ફિગર્સ માં કોઈ ભૂલ હોય તો સુધારવી ફરજિયાત છે? – વિજય પ્રજાપતિ**

જવાબ: જી.એસ.ટી. પોર્ટલ ઉપર હાલ જે એગ્રીગેટ ટર્નઓવર દર્શાવવામાં આવી રહ્યું છે તે કરદાતાનું PAN બેઝ ટર્નઓવર છે. આ ટર્નઓવરમાં એકજ PAN ઉપર લેવામાં આવેલ GSTINના સપ્લાયનો સરવાળો કરવામાં આવે છે. આ સિસ્ટમ બેઝ ઓટો જનરેટ થાય છે, કરદાતાએ કોઈ વિગતો નાંખવાની રહેતી નથી. પરંતુ જો આ ઓટો જનરેટ થયેલ આંકડામાં કોઈ ભૂલ હોય તો સુધારવું હિતાવહ છે, ફરજિયાત નથી તેવો અમારો મત છે.

**અમારા અસીલ શ્રીફળ, મોરસ, ઘઉંનો લોટ જેવી મોટાભાગે કરમુક્ત વસ્તુના વેચાણ સાથે સંકળાયેલ છે. આ વસ્તુઓ ખરીદવા જે ટ્રાન્સપોર્ટેશન ફ્રેઈટ લાગે તેના ઉપર (કરમુક્ત) હોવા છતાં RCMની જવાબદારી આવે? – સુરેશભાઈ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબ: હા, કરમુક્ત હોવા છતાં ટ્રાન્સપોર્ટેશનની સેવા (GTA) ઉપર RCM ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે.

**અમારા અસીલ શ્રીફળ, મોરસ, ઘઉંનો લોટ જેવી મોટાભાગે કરમુક્ત વસ્તુના વેચાણ સાથે સંકળાયેલ છે. આ વસ્તુઓ ખરીદવા જે ટ્રાન્સપોર્ટેશન ફ્રેઈટ લાગે છે. અમુક ટ્રાન્સપોર્ટ કનસાઈનમેંટ નોટ આપે છે અને અમુક માત્ર સાદું બિલ જ આપે છે. શું આ બન્ને ઉપર RCMની જવાબદારી આવે? – સુરેશભાઈ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબ: ના, જે વ્યવહારમાં કનસાઈનમેંટ નોટ આપવામાં આવી હોય તેવા વ્યવહાર જ જી.એસ.ટી. હેઠળ GTA ગણાય અને તેવા વ્યવહાર ઉપર RCM ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે.

**શ્રીફળ (નારિયળ) ને એગ્રીકલ્ચર પ્રોડ્યુસ ગણી શકાય? સુરેશભાઈ ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબ: હા, શ્રીફળ ઉપર કોઈ પણ વધારાની પ્રક્રિયા કરવામાં આવતી નથી અને અમારા મતે શ્રીફળ એ એગ્રીકલ્ચર પ્રોડ્યુસ ગણાય.

**GSTR 1 માં સુધારા (એમેંડમેંટ) કરવા કાયદામાં યોગ્ય સમય આપવામાં આવ્યો છે. આ પ્રકારે ઈ વે બિલમાં પણ આ સુધારાની અસર આપી શકીએ? જો હા તો કેવી રીતે? – મીત ઉપાધ્યાય**

જવાબ: ના, ઈ વે બિલની વેલીડીટી પૂરી થાય પછી તેમાં કોઈ સુધારો કરવો શક્ય નથી. આમ, GSTR 1 દ્વારા કરવામાં આવતા એમેંડમેંટની જેમ ઈ વે બિલમાં સુધારો કરવો શક્ય નથી તેવો અમારો મત છે.

**અમારા અસીલ ફોરેન બાયરને ભારતમાંથી માલ સપ્લાયની તમામ સુવિધા પૂરી પાડે છે. આ સેવામાં માલની ખરીદી કરવી, એક્સપોર્ટ માટે વિધિઓ કરવી, અન્ય દેશમાં માલ મોકલવા સહાયભૂત થવાની પ્રવૃતિ કરવામાં આવે છે. શું આ પ્રકારની અમારી વાર્ષિક રિસિપ્ટ ૨૦ લાખથી વધુ હોય તો જી.એસ.ટી. નંબર લેવો ફરજિયાત બને? આ પ્રકારની સર્વિસ એક્સપોર્ટ ઓફ સર્વિસ ગણી શકાય? જો જી.એસ.ટી. લાગુ પડે તો કેટલા ટકા દરે લાગુ પડે? – મોહિત જાદવ, રાજકોટ**

જવાબ:આપના અસીલની આ સેવા ઈન્ટરમીડીયરી સેવા ગણાય, એક્સપોર્ટ ઓફ સર્વિસ ગણાય નહીં. આ પ્રકારની સેવા પૂરા પાડનાર વ્યક્તિ એજન્ટ ગણાય અને જીએસ.ટી. કાયદાની કલમ 24(vii) હેઠળ કોઈ પણ ટર્નઓવરની મર્યાદા વગર નોંધણી દાખલો મેળવવા જવાબદાર બને. IGST કાયદાની કલમ ૧૩(૮) નીચે આવી સેવામાં સપ્લાયરનું લોકેશન જ પ્લેસ ઓફ સપ્લાય બને અને CGST 9% તથા SGST 9% લાગુ પડે.

**અમારા અસીલ કપાસ તથા કપાસિયાની ખરીદી કરે છે. આ પૈકી તેઓ કપાસિયાનું પીલાણ કરી તેમાંથી વોશ તેલ(કરપાત્ર) અને કપાસિયા ખોળ (કરમુક્ત) નું ઉત્પાદન કરે છે. અમારા અસીલ ક્યારેક સાથે કપાસ ખરીદી તેનું વેચાણ(કરપાત્ર) પણ કરે છે. તો જ્યારે ઈન્પુટ ટેક્સ ક્રેડિટની રિવર્સલની ગણતરી કરવાની થાય ત્યારે કુલ વેચાણ તરીકે કપાસ સહિતનું વેચાણ ધ્યાને લેવું જોઈએ કે માત્ર વોશ તેલ તથા કપાસિયા ખોળનું વેચાણ ધ્યાને લેવું જોઈએ? – મોહિત જાદવ, રાજકોટ**

જવાબ: આ પ્રકારના કિસ્સામાં જી.એસ.ટી. નિયમ ૪૨(૧) મુજબ કુલ ટર્નઓવર તરીકે કપાસ સહિતનું ટર્નઓવર ગણવાનું રહે તેવો અમારો મત છે.

**અમારા અસીલ માલની ડિલિવરી કરવા પોતાના વાહનનો ઉપયોગ કરતા હોય છે. તેઓ પાસે જે માલ છે તે અલગ અલગ વેપારીઓનો હોય છે અને જે તે વેપારીના બિલની રકમ ૫૦૦૦૦ થી ઓછી થતી હોય છે. પરંતુ એકંદરે કુલ માલની રકમ ૨ લાખ જેવી થતી હોય છે. શું તેઓએ ઈ વે બિલ બનાવવું ફરજિયાત બને? – મોહિત જાદવ, રાજકોટ**

જવાબ:આવા વ્યવહાર માટે જી.એસ.ટી. નિયમ ૧૩૮(૭) હાલ નોટિફાય ના થઈ હોય ઈ વે બિલ બનાવવું ફરજિયાત ના રહે પરંતુ કોઈ પણ વિવાદમાં ના પડવા, શક્ય હોય તો ઈ વે બિલ બનાવવું ચોક્કસ હિતાવહ રહે તેવો અમારો મત છે.

09th August 2021

## જી.એસ.ટી.

**અમારા અસીલ ફાસ્ટ ફૂડનો ધંધો ચલાવે છે. તેઓ દાબેલી, સેન્ડવિચ, પાણી પૂરી વગેરે બનાવી વેચાણ કરે છે. તેઓ કંપોઝીશન હેઠળ પરવાનગી ધરાવે છે. તો તેઓએ પોતાના સપ્લાય ઉપર ક્યાં દરે વેરો ભરવાની જવાબદારી આવે? ધ્રુવી શાહ, અમદાવાદ**

જવાબ: આપના અસીલ એ ફાસ્ટફૂડનો ધંધો કરતાં હોય કંપોઝીશન હેઠળ જી.એસ.ટી. કાયદાની કલમ 10(1)(b) હેઠળ ૫% ના દરે જી.એસ.ટી. ભરવા જવાબદાર બને તેવો અમારો મત છે.

**અમારા અસીલ એક જાણીતી કંપનીની ફ્રેંચાઈઝી ધરાવે છે. તેઓ તે કંપનીના બર્ગરને ઓવનમાં ગરમ કરી ગ્રાહકને સપ્લાય કરે છે. તેઓ કંપોઝીશન સિવાયના કરદાતા છે. આ વ્યવહાર ઉપર તેમણે કેટલા ટકાના દરે જી.એસ.ટી. ચૂકવવાની રહે? શું તેમણે ITC મળી શકે? ધ્રુવી શાહ, અમદાવાદ**

જવાબ: તમારા અસીલએ જી.એસ.ટી. કાયદાના શિડ્યુલ IIના પૅરેગ્રાફ ૫ ના ક્લોઝ (b)માં પડે અને રેસ્ટોરન્ટ ગણાય. આ સપ્લાય ઉપર ૫% ના દરે જી.એસ.ટી. લાગુ પડે. ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે નહીં તેવો અમારો મત છે.

**અમો સો મિલનો ધંધો કરીએ છીએ. તેઓએ લાકડાને વેર ત્યારે તેમાં જે વેસ્ટ લાકડું તથા ભૂસું મળે તેનો ઉપયોગ બળતણમાં થતો હોય છે. શું આ બળતણના લાકડા તથા ભૂસું કે જે અમારા બાય પ્રોડક્ટ ગણાય તેના ઉપર જી.એસ.ટી. ની જવાબદારી આવે? – એક વેપારી, આણંદ**

જવાબ: લાકડાનો વેર તથા ભૂસું એ જી.એસ.ટી. હેઠળ HSN 4401માં પડે અને બાય પ્રોડક્ટ હોવા છતાં તેના ઉપર જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે એવો અમારો મત છે.




**ટેક્સ ટુડે એક્સપર્ટ:**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**
**એડવોકેટ ભવ્ય પોપટ**

**અમારા અસીલ તેમની પોતાની માલિકીની જમીન ઉપર કોન્ટ્રાકટર દ્વારા બાંધકામ કરાવી તેનું વેચાણ કરવા માંગે છે. તેઓ દ્વારા મિલ્કતના અવેજના એડ્વાન્સ પેટે ૧૦ લાખ જેવી રકમ લીધેલ છે. સમગ્ર બાંધકામ ૨૦ લાખની અંદર પૂર્ણ થઈ જશે. શું અમારે આવા કિસ્સામાં જી.એસ.ટી. નંબર લેવો જરૂરી છે? આ એડ્વાન્સ લીધેલ રકમ ઉપર જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવશે? – મોહિત જાદવ, રાજકોટ**

જવાબ: જી.એસ.ટી. નોંધણી માટેની જવાબદારી સપ્લાય ઉપર નક્કી થાય. જો તેમના દ્વારા બાંધકામ કરેલ યુનિટનું વેચાણ કરવા સમયે વેચાણ કિમત નાણાકીય વર્ષમાં ૨૦ લાખથી વધુ હોય તો જી.એસ.ટી. નોંધણી લેવાની જવાબદારી આવે તેવો અમારો મત છે. ૧૦ લાખની રકમ જે એડ્વાન્સ લેવામાં આવી છે તે યુનિટનું વેચાણ જો નોંધણી દાખલો લીધા પહેલા થઈ જાય તો આ રકમ ઉપર જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસિલે જોબવર્ક માટે મ્યુનિસિપલ સિટી લિમિટમાં જ માલ મોકલાવતા હોય છે. આ વેચાણની રકમ ક્યારેક ૫૦ હજારથી વધુ તો ક્યારેક ઓછી પણ હોય છે. શું આ બન્ને કિસ્સામાં એ વે બિલ બનાવવાની તેઓની જવાબદારી આવે? – મોહિત જાદવ, રાજકોટ**

જવાબ: જોબવર્ક કરવાં માટે જ્યારે માલ આંતર રાજ્ય મોકલવામાં આવે ત્યારે જી.એસ.ટી. નિયમોના નિયમ ૧૩૮(૧) ના પ્રથમ પ્રોવીઝો મુજબ કોઈ પણ લિમિટ વગર (૫૦૦૦૦ સુધી પણ) ઈ વે બિલ બનાવવા અંગેની જવાબદારી આવે. જ્યારે રાજ્યમાં જ કોઈ માલ જોબવર્ક માટે મોકલવામાં આવે ત્યારે ૫૦૦૦૦ થી ઉપરના માલ માટે ઈ વે બિલ બનાવવાની જવાબદારી આવે તેવો અમારો મત છે. જો કે મ્યુનિસિપલ લિમિટ અંદર થતા જોબવર્ક માટેના માલ હેરફેર માટે ઈ વે બિલ જરૂરી બને નહીં.

**અમારા અસીલ ગુજરાત રાજ્યમાં જ રાજકોટમાં હેડ ઓફિસ તથા અમદાવાદ અને જામનગરમાં બ્રાન્ચ ઓફિસ ધરાવે છે. આ હેડ ઓફિસ તથા બ્રાન્ચ તમામના વ્યવહારો એક જ જી.એસ.ટી. નંબર ઉપર થાય છે. અમુક સંજોગોમાં હેડ ઓફિસ–બ્રાન્ચ વચ્ચે માલની હેરફેર થતી હોય છે. અમુક કિસ્સાઓ માં માલનું મૂલ્ય ૫૦ હજાર સુધીનું હોય છે જ્યારે અમુક વાર આ મૂલ્ય ૫૦ હજાર કે તેથી વધુ પણ હોય છે. આ પ્રકારના બ્રાન્ચ ટ્રાન્સફર માટે ઈ વે બિલ બનાવવું પડે? સ્ટોક ટ્રાન્સફર સાથે સ્ટોક ટ્રાન્સફર બિલ નીલ રેઈટ નું આપેલું હોય છે. – મોહિત જાદવ, રાજકોટ**

જવાબ: ૫૦ હજારથી વધુ મૂલ્યના માલની હેરફેર કરવામાં આવતી હોય ત્યારે ઈ વે બિલ બનાવવું ફરજિયાત રહે. આ સાથે તેઓએ જી.એસ.ટી. નિયમોના નિયમ ૫૫ મુજબ ડિલિવરી ચલણ આપવાનું રહે.

## ઈન્કમ ટેક્સ

**અમારા અસીલનું નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ નું ટર્નઓવર ૧૮ લાખ જેવુ હતું. તે વર્ષ માટે અમોએ ઈન્કમ ટેક્સની કલમ 44AD મુજબ આવક દર્શાવી ઈન્કમ ટેક્સ રિટર્ન ભરેલ હતું. હવે નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ માટે તેમનું ટર્નઓવર ૯૨ લાખ જેવુ થઈ જાય છે અને અમો ઓડિટ કરાવવા જઈ રહ્યા છીએ. તો શું અમે ત્યારબાદના પાંચ વર્ષ ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 44AD નો લાભ નહીં લઈ શકીએ? રાજેશ સૂતાર, ટેક્સ કન્સલ્ટન્ટ, ભુજ**

જવાબ: હા, ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 44ADની પેટા કલમ (૫) મુજબ જે કરદાતા 44AD હેઠળ અગાઉના વર્ષની આવક દર્શાવે અને ત્યારબાદના કોઈ નાણાકીય વર્ષની આવક ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 44AD હેઠળ દર્શાવવા હક્કદાર હોય અને આમ છતાં તે તે આ કલમ હેઠળ આવક ના દર્શાવેતો ત્યાર પછીના પાંચ વર્ષ તે કરદાતા ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 44AD હેઠળ લાભ લેવા અસમર્થ બની જશે.

02nd August 2021

## જી.એસ.ટી.

**અમારા અસીલ હાલ પ્રોપરાઈટરશીપ ધોરણે ધંધો કરીએ છીએ. અમો જો ભાગીદારી પેઢી, LLPમાં તબદીલ થવા ઈચ્છીએ તો સ્ટોક ટ્રાન્સફર કેવી રીતે કરવો જોઈએ? – હર્ષદ ઓઝા, ટેક્સ એડવોકેટ, મહેસાણા**

જવાબ: આપના અસીલ પ્રોપરાઈટરશીપમાંથી ભાગીદારી પેઢી કે LLPમાં તબદીલ થવા ઈચ્છે તો જી.એસ.ટી કાયદાની કલમ ૧૮(૩) મુજબ ધંધો તમામ જવાબદારી તથા મિલકત સાથે ધંધો તબદીલ કરી સાથે સ્ટોક ટ્રાન્સફર કરી શકે છે. આ માટે ભાગીદારી પેઢી કે LLP એ નવો નંબર મેળવવાનો રહે અને ITC-02 ફોર્મ દ્વારા જો કોઈ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ હોય તો નવા જી.એસ.ટી. નંબરમાં તબદીલ થઈ શકે છે. જો માત્ર સ્ટોક ટ્રાન્સફર કરે તો આવા કિસ્સામાં પ્રોપરાઈટર તરીકે જૂના જી.એસ.ટી. નંબર ઉપર ટેક્સ ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે.

**અમારા અસીલ જમીન ખરીદી તેના ઉપર રહેણાંકી તથા વાણિજયક બાંધકામ કરવાનો ધંધો કરે છે. અમારો પ્રશ્ન એ છે કે શું આ પ્રકારે જો એક પ્રોજેકટમાં રહેણાંકી અને વાણિજયક એમ બંને પ્રકારના બાંધકામ કરવામાં આવેલ હોય તો શું રહેણાંકી યુનિટ (કિંમત ૪૫ લાખ થી નીચે) માટે ૧% અને વાણિજયક યુનિટ માટે ૧૨% (ITC સાથે) દર લાગે? – CA કલ્પેશ પટેલ, રાજકોટ**

જવાબ: હા, આ પ્રકાઆરએનએ રહેણાકી તથા વાણિજ્યક પ્રોજેક્ટ માટે રહેણાંક યુનિટ માટે ૧% ના દરનો લાભ મળી શકે પરંતુ એ બાબતે એટલું સુનિશ્ચિત કરવું જરૂરી છે કે મેટ્રો સિટી માટે પ્લોટ સાઈઝ ૬૦ મીટર અને નોન મેટ્રો સિટી માટે પ્લોટ સાઈઝ ૯૦ મીટરથી ઓછી હોય. જો પ્લોટ સાઈઝ આ મર્યાદાથી વધુ હોય તો રહેણાંકી યુનિટ ઉપર ૫%ના દરે જી.એસ.ટી. લાગુ પડે. વાણિજ્યક યુનિટ માટે ૧૨%ના દરે જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે. આ બાબતે ૦૩/૨૦૧૯નું નોટિફિકેશન જોઈ જવા વિનંતી.

**અમારા અસીલ સાણંદ ખાતે ધંધો કરે છે. તેઓએ અમદાવાદથી એક ૫૦૦૦૦/– રકમ નો માલ મંગાવેલ હતો. આ માલ સાથે ઈ વે બિલના હોવાના કારણે સ્ટેટ જી.એસ.ટી. દ્વારા તે બિલ બાબતે ટેક્સ તથા દંડ બાબતનો આદેશ DRC-07 પસાર કર્યો હતો. ગાડી જે દિવસે રોકવામાં આવી હતી ત્યારે જ અમોએ રકમ તો ભરેલ હતી જે હાલ Cash Ledgerમાં જમા બતાવી રહી છે. આ રકમ હાલ કેવી રીતે સેટ ઓફ કરી શકાય છે. – મિકુલ પટેલ, અમદાવાદ**

જવાબ: અધિકારી દ્વારા DRC-07 માં જે જવાબદારી ઊભી કરવામાં આવી છે તે પેમેન્ટ ટુવર્ડ્સ ડિમાન્ડ (સેર્વિસ ટેબ હેઠળ) માં દર્શાવવામાં આવેલ હશે. ત્યાં આ જવાબદારી સેટ ઓફ કરવાનો વિકલ્પ આપેલ છે તેના દ્વારા તમે DRC-07ની જવાબદારી સેટ ઓફ કરી શકો છો.

**અમારા એક અસીલ પેસેંજર બસ દ્વારા લોકલ ટ્રાન્સપોર્ટેશનનો ધંધો કરે છે. આ ધંધા બાબતે અમારા નીચે મુજબના પ્રશ્નો છે.**
**(૧) નોન AC બસમાં છૂટક પેસેંજરનું ટ્રાન્સપોર્ટેશન એક શહેરથી અન્ય શહેર માટે કરવાની સેવા આપે તો શું દર લાગુ પડે?**
**(૨) એક કંપની સાથે અમારા અસીલ દ્વારા કરાર કરવામાં આવ્યો છે જેમાં તે કંપનીના કર્મચારીઓને ઘરેથી કંપનીના સ્થળ સુધી પહોચડવાની સુવિધા પૂરી પડે છે. ડ્રાઈવર તથા ડીઝલ અમારા અસીલ દ્વારા પૂરી પાડવામાં આવે છે. આ કિસ્સામાં જી.એસ.ટી. ક્યાં દરે લાગુ પડે? – મેહુલભાઈ સુતરીયા, ધોરાજી**

જવાબ: અમારા માટે નોન AC બસમાં છૂટક પેસેંજરનું ટ્રાન્સપોર્ટેશન એ સી.જી.એસ.ટી. રેઈટ નોટિફિકેશન ૧૨/૨૦૧૭, તા. ૨૮.૦૬.૨૦૧૭ ની એન્ટ્રી ૧૫ મુજબ NIL રેટેડ ગણાય તેવો અમારો મત છે.
જ્યારે કંપની સાથે થયેલ કરાર મુજબ તેમના કર્મચારીને ઘરેથી કંપની સુધી પહોચ્ચડવાની ડીઝલ તથા ડ્રાઈવર સાથેની સેવા માટે ૧૮% ના દરે જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે.

24th July 2021

## જી.એસ.ટી.

**અમારા અસીલ દ્વારા તેમનો જી.એસ.ટી. નંબર સ્વૈચ્છીક રીતે નંબર રદ કરાવેલ હતો. હવે તેમને ફરી જી.એસ.ટી. નંબરની જરૂર છે. શું આ રદ કરાવેલ નંબર ફરી શરૂ કરાવી શકાય કે નવો નંબર લેવો એ જ વિકલ્પ રહે? મયુર બારોટ, એકાઉન્ટન્ટ**

જવાબ: ના, સ્વૈચ્છીક રીતે રદ કરાવેલ નંબર ફરી શરૂ કરવાની કોઈ પદ્ધતિ હાલ છે નહીં. માટે આપના અસીલ માટે નવો નંબર લેવો એ જ વિકલ્પ રહે.

**અમારા અસીલ ૭૦ વર્ષના છે અને માલિકી ધોરણે જી.એસ.ટી. નંબર ધરાવે છે. તેઓ જી.એસ.ટી. હેઠળ ૫૫૦૦૦/– જેવી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ છે. તેઓ પોતાનો નંબર પોતાના પુત્રને તમામ જવાબદારી સાથે ધંધો તબદીલ કરવા ઈચ્છે છે. તો આ માટે શું વિધિ કરવાની રહે? આ ઉપરાંત જો એમના પુત્રના નામ હાલ અન્ય જી.એસ.ટી. નંબર હોય જ તો શું વિધિ કરવાની રહે? – ધર્મેશ એન પરમાર, ટેક્સ કન્સલ્ટન્ટ, જુનાગઢ**

જવાબ: આપના અસીલ તમામ જવાબદારી સાથે જો માલ તબદીલ કરવા ઈચ્છતા હોય તો પુત્રના નામે નવો જી.એસ.ટી. નંબર મેળવી, ITC-02 ફોર્મ ભરી યોગ્ય વિધિ કરી ક્રેડિટ ટ્રાન્સફર કરી શકો છો. આ માટે જી.એસ.ટી. કાયદાની કલામ ૧૮(૪) તથા નિયમ ૪૧ જોઈ જવું. આ ઉપરાંત જો તેમના પુત્રના નામે અન્ય જી.એસ.ટી. નંબર હોય તો B2B ઈંવોઈસ દ્વારા પણ તબદીલ કરવાનો વિકલ્પ પણ રહે.

**અમારા અસીલ અનાજ–કઠોળ ટ્રેડિંગ તથા કમિશનનો ધંધો કરે છે. તેઓ જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ છે. શું તેઓ એર કન્ડિશનરની ખરીદી કરે તો ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળવા પાત્ર છે? વિજયભાઈ આર પટેલ, ટેક્સ એડવોકેટ, વિસનગર**

જવાબ:હા, સામાન્ય રીતે એર કન્ડિશનરની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે. પરંતુ જ્યારે કરમુક્ત માલના વેપાર સાથે સલગ્ન હોય ત્યારે આ ક્રેડિટ લેતા પહેલા જી.એસ.ટી. નિયમ હેઠળના નિયમ ૪૩ જોઈ જવા વિનંતી.

**અમારા અસીલને મગફળી પીલાણ કામકાજનો ધંધો છે. તેઓ જી.એસ.ટી. નંબર ધરાવે છે. ગ્રાહકની મગફળીનું તેલનું પીલાણ કરી તેઓને તેલ આપી દેવાનું રહેતું હોય છે. સામે મગફળીનો જે ખોળ વધે તે અમારે મજૂરી પેટે અમારા અસિલે રાખવાનો હોય છે. આ ખોળનું વેચાણ અમારા અસીલ દ્વારા કરવામાં આવતું હોય છે. આ ખોળ બાબતે અમારી શું જી.એસ.ટી. જવાબદારી આવે? વિજયભાઈ આર પટેલ, ટેક્સ એડવોકેટ, વિસનગર**

જવાબ: આપના અસીલ દ્વારા ખોળ વેચી જે રકમ મેળવવામાં આવે તેના ઉપર જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે. આ પીલાણમાં જી.એસ.ટી.ની એસેસેબલ રકમ નક્કી કરવા જી.એસ.ટી. કાયદાની કલમ ૧૫ જોવાની રહે અને આ પ્રકારની સેવા માટે સામાન્ય રીતે જે વેલ્યૂ થતી હોય તે વેલ્યૂ એ આ સેવા માટેની એસેસિબલ રકમ ગણાય. '

**અમારા અસીલનું નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ નું વાર્ષિક રિટર્ન ભરાય ગયું છે. જેમાં ૨૦ લાખ જેવી રકમ ૨અ સામે મિસમેચ આવે છે. હાલ પણ આ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્રેડિટ લેજરમાં જમા બોલે છે. શું આ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ DRC-03 દ્વારા રિવર્સ કરી આપીએ એ હિતાવહ છે? જો આ રીતે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ રિવર્સ કરીએ તો વ્યાજની જવાબદારી આવે? અરવિંદ પટેલ.**

જવાબ: ઈન્પુટ ટેક્સ ક્રેડિટ જે કલમ ૧૬ હેઠળ મળવા પાત્ર છે તે માત્ર GSTR 2 Aમાં નથી એના કારણે રિવર્સ કરવી જરૂરી નથી તેવો અમારો મત છે. આમ છતાં આ કેસમાં પ્રોફેશનલ મદદ લેવી જરૂરી બને છે. જો ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળવા પાત્ર નથી અને લેવામાં આવેલ હોય તો ચોક્કસ રિવર્સ કરવી જરૂરી બને. ઈન્પુટ ટેક્સ ક્રેડિટ યુટીલાઇઝના કરેલ હોય વ્યાજની જવાબદારી ના આવે એવો અમારો મત છે. પરંતુ આકારણીમાં આ વ્યાજ બાબતે તકરાર આવે તેવી સંભાવના રહેલી છે.

**અમારા અસીલના જૂન ૨૦૨૧ના GSTR 1 માં એક ખરીદનારના ૨૫ બિલો હતા જેના સ્થાને શરતચૂક થી અન્ય ખરીદનારના ૨૯ બિલો B2B માં અપલોડ થઈ ગયા છે. હવે જ્યારે હું હવે પછીનું GSTR 1 ભરીશ ત્યારે ૨૫ બિલો માં તો એમેન્ડમેંટ કરીશ પરંતુ બાકીના ૪ બિલો છે તેને ડિલીટ કેવી રીતે કરવાના રહે? – ઝરીનબેન સૈયદ, એડવોકેટ, સાવરકુંડલા**

જવાબ: તમારા અસીલના હવે પછીના GSTR 1માં આ સુધારા માટેના ૨૫ બિલો એમેન્ડ કરવા સાથે બાકીના ૪ બિલો શૂન્ય રકમ સાથે એમેન્ડ કરવાના રહે તેવો અમારો મત છે.

### –: ખાસ નોંધ :–

જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઈ મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપર્ટ્સ નો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઈ મેઈલ કરી શકો છો. સોમવાર થી શુક્રવાર સુધી આવેલા પ્રશ્નોના જવાબ શક્ય હોય ત્યાં સુધી પછીના સોમવારે પ્રસિદ્ધ કરવામાં આવશે.

**ડિસ્કલેમર:** આ કૉલમ ટેક્સ ટુડે ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

**'अभी गाँव बसा नहीं और लुटेरे हुए हाजिर' આ હિન્દીની પ્રખ્યાત કહેવત લાગુ ના પડે આપણાં નવી ઈન્કમ ટેક્સ પોર્ટલને??**

# હજુ આ પોર્ટલ સંપૂર્ણ રીતે કાર્યરત પણ થયું નથી ત્યારે ૧ ઓગસ્ટે ૧૦૦૦ રૂપિયાની 'લેઈટ ફી' માંગી રહ્યું છે પોર્ટલ!!

## જો કે, આ ભુલ હાલ પોર્ટલ પર સુધારી લેવામાં આવી છે

તા. ૦૧.૦૮.૨૦૨૧: સપ્ટેમ્બર ૨૦૦૪ થી પ્રમાણમાં ખૂબ સારી રીતે ચાલતા ઈન્કમ ટેક્સ પોર્ટલના સ્થાને ૦૭ જૂન ૨૦૨૧માં ઈન્કમ ટેક્સના નવા પોર્ટલને દબદબભરી રીતે લોન્ચ કરવામાં આવ્યું હતું. આ નવા પોર્ટલને લોન્ચ થયાને બે મહિના જેવો સમય થવા આવ્યો છે છતાં આ પોર્ટલ ઉપર યોગ્ય રીતે કામ કરી શકવામાં કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સ મુશ્કેલી અનુભવી રહ્યા છે. ઈન્કમ ટેક્સ રિટર્ન ભર્યા પછી વેરીફાયના થવા અંગે, રિટર્ન ભર્યા તારીખમાં કોઈ ભવિષ્યની તારીખ બતાવતી હોય તે બાબતો જેવી અનેક બાબતે અવારનવાર ફરિયાદો ઉઠવા પામી છે. આ પોર્ટલ હાલ યોગ્ય રીતે ચાલતુંના હોવા અંગે નાણાં મંત્રાલય દ્વારા જાહેરમાં સ્વીકાર પણ કરવામાં આવ્યો છે. આમ, છતાં આજે ૦૧ ઓગસ્ટના રોજ આ પોર્ટલ ઉપર રિટર્ન ભરવા જતાં રિટર્ન લેઈટ ભરવાં અંગે લાગતી લેઈટ ફી માંગવામાં આવી રહી હોવાના સમાચારો મળી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ઈન્કમ ટેક્સ હેઠળ ભરવાના થતાં વિવિધ ફોર્મ્સની મુદતમાં કોરોનાના કારણે (પોર્ટલના કારણે નહીં હો!!)




વધારો કરી આપવામાં આવ્યો છે. આમ છતાં પોર્ટલ હાલ 'લેઈટ ફી' માંગી રહ્યું છે. ચોક્કસ આ પણ નવા ઈન્કમ ટેક્સ પોર્ટલનું એક "બ્લન્ડર" જ ગણી શકાય જે ભવિષ્યમાં સુધારી જશે. પરંતુ આ પ્રકારની સામાન્ય ભૂલોના કારણે કરદાતાઓ તથા ખાસ કરીને ટેક્સ પ્રોફેશનલ્સએ ઘણું સહન કરવું પડતું હોય છે. ક્યારેક કોઈ ઈમરજન્સીના કારણે આ લેઈટ ફી ભરી રિટર્ન ફાઇલ કરવાનો વિકલ્પ પણ લેવો પડતો હોય છે કારણકે આ પ્રકારની ટેકનિકલ ક્ષતિ ક્યારે દૂર થશે તે અંગે કોઈ ચોક્કસ અનુમાન લગાવી શકે નહીં.

ઈન્કમ ટેક્સ પોર્ટલ ૧૫ ઓગસ્ટ સુધીમાં વ્યવસ્થિત કામ કરતું થઈ જશે તેમ વિવિધ મીડિયામાં સરકાર જાહેર કરવામાં આવ્યું છે. પરંતુ આ પ્રકારની મોટી વેબસાઈટ ચલાવવામાં આવી નાની નાની ભૂલો રહી જાય તે કેવી રીતે ચલાવી લેવામાં આવે છે તે ટેક્સ પ્રોફેશનલ્સના મનમાં ઊઠતો સૌથી મોટો પ્રશ્ન છે? શું કરવા આ અંગે બનાવનાર કંપની કે સલગ્ન અધિકારી ઉપર કાર્યવાહી કરવામાં નથી આવતી?? કરદાતાને નાની નાની ભૂલો માટે પેનલ્ટી કે લેઈટ ફી લાગુ કરવામાં આવે છે ત્યારે શું કરવા પોતાની ફરજમાં નિષ્ફળ જનાર કંપની કે અધિકારી ઉપર લેઈટ ફી તથા પેનલ્ટી લગાડવામાં નથી આવતી?? આજે જ્યારે પોર્ટલ ઉપર ૧૦૦૦/–ની લેઈટ ફી માંગવામાં આવી રહી છે ત્યારે શું આ પ્રચલિત હિન્દી કહેવત **'अभी गाँव बसा नहीं और लुटेरे हुए हाजिर'** યાદ ની આવે???

**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

◆ Year: 5, ◆ Issue No.10, ◆ Continue Issue No.58, ◆ Date: 21/08/2021, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.